પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ    વર્ષ : ૩૦   અંક : ૫૪   કુલ પાના : ૪   તારીખ : ૨૩-૧૦-૨૦૨૬ શુક્રવાર   કિંમત રૂા.૧.૫૦/-

તંત્રી/પ્રકાશક/માલિક: કરણ અજયકુમાર પંચાલ, ઓફિસ : બાંડીબારનો ખાંચો,તલાવ રોર્ડ,ગોધરા,જી.પંચમહાલ(ગુજરાત) મો:૯૭૧૨૮૮૦૬૭૮

RNI NO:- 67073/97   9712880678   panchmahalsamachar@gmail.com   panchmahalsamachar   panchmahalsamachar   w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે મુક્ત વેપાર કરારએ ભારત-પોલેન્ડ ભાગીદારી માટે નવી તકો ખોલી છે,મોદી

## ભારત-પોલેન્ડ સંબંધો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પોલેન્ડના વડા પ્રધાન ડોનાલ્ડ ટસ્કે વેપાર, સંરક્ષણ અને ટેકનોલોજી સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવાની ચર્ચા કરી

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પોલેન્ડના વડા પ્રધાન ડોનાલ્ડ ટસ્કે ગુરુવારે નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે દ્વિપક્ષીય વાટાઘાટો કરી. બંને નેતાઓએ ભારત-પોલેન્ડ સંબંધોની સમીક્ષા કરી અને વેપાર, સંરક્ષણ અને ટેકનોલોજી સહિત અનેક મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવાના માર્ગો પર ચર્ચા કરી. ટસ્ક ૨૧ થી ૨૩ ઓક્ટોબર સુધી ભારતની સત્તાવાર મુલાકાત પર છે. આ મુલાકાતનો હેતુ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો છે. ટસ્કને મળ્યા બાદ, પીએમ મોદીએ કહ્યું કે ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે મુક્ત વેપાર કરારએ ભારત-પોલેન્ડ ભાગીદારી માટે નવી તકો ખોલી છે. તેમણે કહ્યું કે ભારતની



વધતી જતી આર્થિક શક્તિએ બંને દેશો વચ્ચે સહયોગ માટે નવી શક્યતાઓ ઉભી કરી છે. નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે પોલેન્ડના વડા પ્રધાન ડોનાલ્ડ ટસ્ક સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં મોદીએ કહ્યું કે ઈયુ સાથેના વેપાર કરારે આ તકોને વધુ વિસ્તૃત કરી છે.

ભારતની મુલાકાતે આવેલા ડોનાલ્ડ ટસ્કનું સ્વાગત કરતા,વડાપ્રધાન મોદીએ ૨૦૨૪ માં પોલેન્ડની તેમની મુલાકાતને યાદ કરી. તેમણે કહ્યું કે તે મુલાકાત દરમિયાન, બંને દેશો વચ્ચેના સંબંધો વ્યૂહાત્મક ભાગીદારી સુધી ઉન્નત થયા હતા. ત્યારબાદ, છેલ્લા બે વર્ષમાં દ્વિપક્ષીય સંબંધોને નવી ગતિ મળી છે. મોદીના મતે, ભારત અને પોલેન્ડ વચ્ચેની મિત્રતા રાજદ્વારી સંબંધો સુધી મર્યાદિત નથી પરંતુ માનવતા અને સંવેદનશીલતાના સહિયારા વારસા પર આધારિત છે.

વડા પ્રધાન મોદીએ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ભારતમાં પોલેન્ડના લોકોને આપવામાં આવેલી સહાયનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે જામનગર અને કોલ્હાપુરના રાજવી પરિવારોએ ભારતમાં હજારો પોલેન્ડના બાળકો અને પરિવારોને આશ્રય આપ્યો હતો.વડાપ્રધાન મોદીએ આ ઐતિહાસિક ઘટનાને બંને દેશો વચ્ચેના માનવ સંબંધોમાં એક મજબૂત કડી તરીકે વર્ણવી.

સંયુક્ત પત્રકાર પરિષદ પહેલા, મોદી અને ટસ્કે હૈદરાબાદ હાઉસ ખાતે દ્વિપક્ષીય વાટાઘાટો કરી. ભારત-પોલેન્ડ સંબંધોની સમીક્ષા કરવામાં આવી અને વેપાર, સંરક્ષણ અને ટેકનોલોજી સહિત અનેક મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવાના માર્ગો પર ચર્ચા કરવામાં આવી. બંને નેતાઓની હાજરીમાં અનેક મહત્વપૂર્ણ સમજૂતી કરારનું પણ આદાન-પ્રદાન કરવામાં આવ્યું.

પોલિશ વડા પ્રધાન ડોનાલ્ડ ટસ્કે કહ્યું કે તેમને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના મિત્ર કહેવાનો ગર્વ છે. નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે મોદી સાથે સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન, ટસ્કે જણાવ્યું હતું કે ભારત અને પોલેન્ડ વચ્ચે કોઈ હિતોનો સંઘર્ષ નથી. તેમણે વૈશ્વિક બાબતોમાં ભારતની ભૂમિકાની પણ પ્રશંસા કરી.

વડા પ્રધાન મોદીને મળતા પહેલા, ડોનાલ્ડ ટસ્કે ગુરુવારે સવારે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપવા માટે રાજઘાટની મુલાકાત લીધી. તેમણે રાષ્ટ્રપિતાની સમાધિ પર પુષ્પાંજલિ અર્પણ કરી. વડા પ્રધાન મોદીના આમંત્રણ પર ટસ્ક બુધવારે નવી દિલ્હી પહોંચ્યા. તેમની સાથે પોલેન્ડના નાણા અને અર્થતંત્ર મંત્રી, આન્દ્રેજ ડોમાન્સ્કી અને એક વ્યાપારી પ્રતિનિધિમંડળ પણ હતા.

વિદેશ મંત્રી એસ. જયશંકરે ગુરુવારે પોલેન્ડના પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ વિવિધ ક્ષેત્રોમાં ભારત-પોલેન્ડ સહયોગને આગળ વધારવાના માર્ગો પર ચર્ચા કરી. જયશંકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, "પોલેન્ડના પ્રધાનમંત્રી ડોનાલ્ડ ટસ્કને મળીને આનંદ થયો. વિવિધ ક્ષેત્રોમાં ભારત-પોલેન્ડ સહયોગને વધુ મજબૂત બનાવવા અંગેના તેમના વિચારોની પ્રશંસા કરી."

ભારતમાં પોલેન્ડના ભૂતપૂર્વ રાજદૂત એડમ બુરાકોવસ્કીના જણાવ્યા અનુસાર, બંને દેશો વાર્ષિક દ્વિપક્ષીય વેપારને આશરે ઈ૬ બિલિયનથી વધારીને ઈ૧૦ બિલિયન કરવાનો લક્ષ્ય ધરાવે છે. તેમણે વેપારને પ્રોત્સાહન આપવામાં કોર્પોરેટ ભાગીદારી અને વ્યાપાર મંચોની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. બુરાકોવસ્કીએ સંરક્ષણ અને અવકાશ ટેકનોલોજીને સહકારના મુખ્ય ક્ષેત્રો તરીકે પણ ઓળખાવી. તેમનું માનવું છે કે ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે મુક્ત વેપાર કરાર આર્થિક સંબંધોને વિસ્તૃત કરવામાં મદદ કરી શકે છે.ભારતની મુલાકાત દરમિયાન, ટસ્ક નવી દિલ્હીમાં ભારત-પોલેન્ડ બિઝનેસ ફોરમમાં ભાગ લેશે. ત્યારબાદ તેઓ ૨૩ ઓક્ટોબરે બેંગલુરુ જશે, જ્યાં તેઓ ભારતના માહિતી ટેકનોલોજી અને અવકાશ ક્ષેત્રના નેતાઓ સાથે વાતચીત કરશે. બંને દેશોના વડા પ્રધાનો વચ્ચેની વાટાઘાટોમાં પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન પણ સામેલ હશે.ઓગસ્ટ ૨૦૨૪માં વડા પ્રધાન મોદીની પોલેન્ડ મુલાકાત દરમિયાન ભારત અને પોલેન્ડે તેમના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડ્યા. ટસ્કની વર્તમાન મુલાકાત ૨૦૧૦ પછી પોલેન્ડના વડા પ્રધાનની પ્રથમ ભારત મુલાકાત છે. ભારતના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ મુલાકાત બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને નવી ગતિ આપશે અને લાંબા સમયથી ચાલતા સંબંધોને વધુ મજબૂત બનાવશે તેવી અપેક્ષા છે.

## રાજકોટ સિવિલમાં ૭૦ વર્ષના વૃદ્ધાની પાસે સ્ટ્રેચર ખેંચાવવા બદલ ફક્ત શોકોઝ નોટિસ

રાજકોટ,

રાજકોટની પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં આશરે ૭૦ વર્ષનાં વૃદ્ધા પોતાના સ્વજનને લઈ જવા માટે જાતે સ્ટ્રેચર ખેંચતાં નજરે પડયાં હતાં. જેથી ઉહાપોહ મચી જતાં આખરે અધિકારીઓએ ભૂલ સ્વીકારીને આઉટસોર્સિંગ સ્ટાફની કોન્ટ્રાક્ટર એજન્સી એમ.જે. સોલંકી અને અન્ય જવાબદાર કર્મચારીઓને શોકોઝ નોટિસ ફટકારીને ખુલાસો માંગ્યો છે. આ સાથે બેદરકારી સાબિત થશે તો લાપરવાહ કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરવા અને ભવિષ્યમાં આવી ઘટના નહીં બને તેવી ખાતરી આપી છે.

આ ઘટનાના સંદર્ભમાં આરએમઓ ડો. હર્ષદ દુસરાએ સ્વીકાર્યું છે કે, નર્સિંગ સ્ટાફ અને સર્વન્ટ સ્ટાફ હાજર હોવા છતાં નિષ્કાળજી દાખવવામાં આવી હતી. સિનિયર સિટીઝન સાથે હોય ત્યારે તેમની મદદ માટે સર્વન્ટને મોકલવો જોઈતો હતો. આ ઘટનાને ગંભીર ગણીને સંબંધિત નર્સિંગ સ્ટાફ, વોર્ડબોય અને સર્વન્ટ સ્ટાફને રૂબરૂ બોલાવી ઠપકો આપવામાં આવ્યો છે અને કારણદર્શક નોટિસ પણ અપાઈ છે. આ સાથે આજથી દર્દીઓની સાથે એક સર્વન્ટ કર્મચારીને મોકલવાનું શરૂ કરાયું છે.

જ્યારે સિવિલ હોસ્પિટલના હિસાબી અધિકારી ડો. એમ.એસ. રોયે પણ આ ઘટનાને દુઃખદ ગણાવીને ઉમેર્યું છે કે, સિવિલ હોસ્પિટલમાં આઉટસોર્સ સ્ટાફ પૂરો પાડવાની જવાબદારી એમ.જે. સોલંકી એજન્સીની છે, જેથી તેને અને સંબંધિત કર્મચારીઓને નોટિસ આપીને ખુલાસો માગવામાં આવ્યો છે. તપાસમાં કોઈની બેદરકારી સાબિત થશે તો તેમને નોકરીમાંથી દૂર કરવા સહિતની કાર્યવાહી કરવામાં આવશે. એટલું જ નહીં, ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે ખાસ એસઓપી તૈયાર કરીને દર્દીઓને સર્વન્ટ દ્વારા જ સ્ટ્રેચર પર લઈ જવાની વ્યવસ્થાનું ચુસ્ત પાલન કરાવવામાં આવશે.

## રાજકોટમાં પીવાના પાણીની મુશ્કેલી વધવાની ભીતિ, આજી-ન્યારી ડેમમાં માત્ર ૨૦ દિવસ ચાલે એટલો જળજથ્થો!

રાજકોટ

વરસાદની અછત વચ્ચે રાજકોટ શહેરમાં પીવાના પાણીની સમસ્યા ઘેરી બનવાની શક્યતા ઊભી થઈ છે. શહેરને પાણી પૂરું પાડતા આજી અને ન્યારી ડેમમાં માત્ર ૨૦ દિવસ સુધી ચાલે તેટલો જ પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાની વિગતો સામે આવી છે. બીજી તરફ, સૌની યોજના અંતર્ગત રાજકોટને મળતું પાણી છેલ્લા ૨૪ દિવસથી બંધ હોવાથી પાણીની ઉપલબ્ધતા અંગે ચિંતા વધી છે.

મળતી વિગતો અનુસાર, રાજકોટ શહેર માટે આજી અને ન્યારી ડેમમાં ઉપલબ્ધ પાણીનો જથ્થો મર્યાદિત રહ્યો છે. શહેરમાં દિવાળી સુધી પાણી પૂરું પાડી શકાય તેટલો જ જળજથ્થો ઉપલબ્ધ હોવાનું જણાવાઈ રહ્યું છે. જો આગામી દિવસોમાં પાણીની નવી આવક નહીં થાય, તો મહાનગરપાલિકા સામે પાણીની વ્યવસ્થા જાળવી રાખવાનો પડકાર ઊભો થઈ શકે છે.

રાજકોટ સહિતના વિસ્તારો માટે મહત્ત્વના ભાદર-૧ ડેમમાં પણ ૩૧ જાન્યુઆરી સુધી ચાલે તેટલો જ પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાની વિગતો સામે આવી છે. વરસાદની અછત અને જળાશયોમાં મર્યાદિત સંગ્રહને કારણે પાણીના આયોજન અંગે તંત્રએ સાવચેતી રાખવાની જરૂરિયાત ઊભી થઈ છે.રાજકોટને પાણી પૂરું પાડવામાં સૌની યોજના મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જોકે, આ યોજના હેઠળ આવતું પાણી છેલ્લા ૨૪ દિવસથી બંધ હોવાના કારણે શહેરના જળસંગ્રહ પર દબાણ વધી શકે છે. યોજના હેઠળ પાણીનો પુરવઠો ફરી ક્યારે શરૂ થશે અને શહેરને કેટલો જથ્થો મળશે, તે આગામી દિવસોમાં મહત્ત્વનો પ્રશ્ન રહેશે.

હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં રાજકોટમાં પાણીકાપ મૂકવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. જોકે, પાણીકાપ અંગેનો અંતિમ નિર્ણય મહાનગરપાલિકાની સત્તાવાર જાહેરાત અને ઉપલબ્ધ જળજથ્થાની સમીક્ષા બાદ જ સ્પષ્ટ થશે.

હવે સૌથી મોટો સવાલ એ છે કે જો સૌની યોજના હેઠળ પાણીનો પુરવઠો લાંબા સમય સુધી શરૂ નહીં થાય, તો રાજકોટ મહાનગરપાલિકા શહેરની પીવાના પાણીની જરૂરિયાત કેવી રીતે પૂરી કરશે? પાણીની વૈકલ્પિક વ્યવસ્થા, ડેમમાં જળસંગ્રહની સ્થિતિ અને આગામી દિવસોમાં પાણીના પુરવઠા અંગે તંત્ર શું પગલાં લે છે, તેના પર રાજકોટવાસીઓની નજર ટકેલી છે.


## છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિ

### પંચમહાલ સમાચારના આદ્યસ્થાપકને ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. અજયકુમાર કાંતિલાલ પંચાલ
જન્મ તા. ૨૬/૧૨/૧૯૬૪ । સ્વ.તા.૨૩/૧૦/૨૦૨૦

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
અંજલિ આપતા હૈયું તૂટે છે. શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે.
કલ્પી ન શકાય તેવી અણધારી તમારી વિદાય અમારા સૌનાં કાળજાં કંપાવી ગઈ,
દિલ હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.
આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રભુને અમારી પ્રાર્થના...

લી.

દિલીપભાઈ જયંતિલાલ પંચાલ
કુંજલતાબેન પ્રવિણકુમાર પંચાલ
પ્રવિણકુમાર પરસોત્તમદાસ પંચાલ
વિજયકુમાર કાંતિલાલ પંચાલ - ભગવતીબેન વિજયકુમાર પંચાલ

ગં.સ્વ. આશાબેન અજયકુમાર પંચાલ
કૌશલ વિજયકુમાર પંચાલ - કિંજલ કૌશલકુમાર પંચાલ
કમલ વિજયકુમાર પંચાલ - દિપીકા કમલકુમાર પંચાલ
કરણ અજયકુમાર પંચાલ - ઉન્નતી કરણકુમાર પંચાલ

વૈષ્ણવી અજયકુમાર પંચાલ
સૌરભકુમાર રાજુભાઈ પંચાલ
મોક્ષા, દિશા, મંત્ર, હિયાં, માન્યા, જીયા.

### પંચમહાલ સમાચાર પરિવાર

અરૂણકુમાર વૈષ્ણવ, રાજેશભાઈ રાણા, જનક મિસ્ત્રી, દિલીપ બારીયા, કુંદન બારીયા, દુષ્યંત બારીયા, જીગ્નેશ પરમાર,
અનસ મિઠા, મુકેશ ગોહીલ, રાજેશ પટેલ, સઈદ ભાઈ, આકાશ બારીયા, પોસ્ટીકાકા,અમિત બારીયા, ધ્રુવ રાણા

# કેશવ માધવ રંગમંચ દાહોદ ખાતે 'સ્વદેશી મેળો (શોપિંગ ફેસ્ટિવલ)-૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ



### નગરપાલિકા પ્રમુખ મીનાક્ષીબેન નિનામાના હસ્તે મેળો ખુલ્લો મુકાયો : 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર સખી'ના સંકલ્પ સાથે ૫૦ થી વધુ સ્ટોલ્સનું આયોજન.

દાહોદ,

દાહોદ નગરપાલિકા દ્વારા આયોજીત 'સ્વદેશી મેળો (શોપિંગ ફેસ્ટિવલ)-૨૦૨૬'નો શુભારંભ કેશવ માધવ રંગમંચ, દાહોદ ખાતે નગરપાલિકા પ્રમુખ મીનાક્ષીબેન નિનામાના વરદ હસ્તે કરવામાં આવ્યો છે. આ મેળો ''વોકલ ફોર લોકલ'' અને ''સર્જનથી સમૃદ્ધિ સુધી આત્મનિર્ભર સખી''ના ઉમદા ઉદ્દેશ્ય સાથે યોજવામાં આવ્યો છે.

આ મેળામાં કુલ ૫૦ જેટલા સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા છે, જેમાં સખી મંડળોની બહેનો, મહિલા ઉદ્યોગસાહસિકો, સ્વસહાય જૂથો (SHG), મહિલા ખેડૂતો, સહકારી સંસ્થાઓ અને સ્ટાર્ટઅપ્સ દ્વારા પોતાના વિશિષ્ટ અને નાવીન્યસભર ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવી રહ્યું છે.હસ્તકળા અને ગૃહઉપયોગી વસ્તુઓ: સ્વહસ્તે તૈયાર કરાયેલી પ્રસિદ્ધ વાંસની બનાવટો, બાંધણી, હેન્ડીક્રાફટ, હેન્ડલૂમ, ઈમિટેશન જવેલરી, આયુર્વેદિક અને હર્બલ પ્રોડક્ટ્સ, ઓર્ગેનિક વસ્તુઓ, અગરબત્તી, પેચવર્ક, ડ્રેસ મટીરિયલ તથા ઘર સુશોભનની અવનવી ચીજવસ્તુઓ સ્વાદિષ્ટ હોમમેઈડ ફૂડ પ્રોડક્ટ્સ જેવી કે અથાણાં, પાપડ, ખાખરા મેળામાં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.મુલાકાતીઓ માટે ખાસ ફૂડ ઝોન અને ગેમ ઝોનની વ્યવસ્થા કરવામાં આવી છે.મહિલાઓના આર્થિક સશક્તિકરણ, સ્થાનિક ઉત્પાદન અને સ્વદેશી મૂલ્યોને પ્રોત્સાહન આપતો આ મેળો દાહોદ જીલ્લાની આર્થિક ભાગીદારીને વેગ આપવાની સાથે હજારો મહિલાઓ માટે આત્મનિર્ભર બનવાની નવી પ્રેરણા પૂરી પાડશે. જીલ્લા વહીવટી તંત્ર અને નગરપાલિકા દ્વારા દાહોદના નગરજનોને આ મેળાની મુલાકાત લઈ મહિલા શક્તિના કૌશલ્યને બિરદાવવા અને 'વોકલ ફોર લોકલ'ના સંકલ્પને સાકાર કરવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.આ પ્રસંગે નગરપાલિકા ચીફ ઓફિસર દીપસિંહ હઠીલા દ્વારા જણાવાયું હતું કે ''દાહોદના આંગણે યોજાયેલ આ મેળો માત્ર ખરીદીનું કેન્દ્ર નથી, પરંતુ 'વોકલ ફોર લોકલ'ના મંત્ર સાથે નારી શક્તિના સશક્તિકરણનો ઉત્સવ છે.''

આ સ્વદેશી મેળો તારીખ ૨૨ ઓક્ટોબર થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન દરરોજ સવારે ૧૦:૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી જાહેર જનતા માટે ખુલ્લો રહેશે.

ઉદઘાટન પ્રસંગે સંલગ્ન અધિકારીઓ-કર્મચારીઓ, કાઉન્સિલરો, પદાધિકારીઓ, શહેરના અગ્રણીઓ તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દે. બારીયા નગર પાલિકા હસ્તક પાણીની મોટી પાઈપનો વાલ્વ લીકેજ થવાથી કિંમતી પીવાનું પાણી વેડફાઈ રહ્યું છે ??

દે.બારીયા,

દે.બારીયા શહેરના સમડી સર્કલના સામે પીવાના પાણીની મોટી પાઈપ પસાર થાય છે, તો વાલ્વની કુંડી ભરાયા બાદ કિંમતી પાણી લીકેજના કારણે હજારો લીટર પીવાનું પાણી વેડફાટ થાય છે, તો તેને સત્વરે વાલ્વનું સમારકાર્ય કરવામાં આવે તો કિંમતી પીવાના પાણીની બચત કરવામાં પાછળ છે તે મોટો સવાલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરના મુખ્યમાર્ગના સમડી સર્કલના સામે પાનના ગલ્લા પાસે પીવાના કિંમતી પાણી વેડફાય રહ્યું છે. તેને છેલ્લા ૧૫ દિવસથી હજારો ગેલન પાણી વરસાદી ભુર્ગભ ગટરમાં વહી જાય છે. બાકીના ચેમ્બરની કુંડી ભરાયા બાદ બહાર વહી જાય છે. તો તેના પાછળ કોણ જવાબદાર ગણાશે પાણી તો વેડફાય છે તેના કારણે વોટર્સ વર્કસની વિજ બીલમાં વધારો આવી શકે છે. હાલમાં ગુજરાતમાં પાણીની અછતથી વીજ ઉત્પન્ન કરતા એકમો બંધ થયાના અહેવાલ છે. જ્યારે સામે આવતા દિવાળીના તહેવારોને જોઈ પંદર દિવસ દૈનિક પાણી આપવામાં આવતા હોય છે. તે બિરદાવવા લાયક છે. જો આમને આમ પીવાનું કિંમતી પાણી પુરવઠો આપતા પાઈપનો વાલ્વ માંથી લીકેજ થતો અટકાવવાની તાતી જરૂર રહેલી છે. પાણીની



એક એક બુંદ મનુષ્ય માટે જીવન છે. આ પીવાના પાણીને વેડફાતું નહિ અટકાવવામાં આવે તો ધરતીનો પાણી બહુમૂલ્ય ખજાનો ખુટી જશે તો માનવો, પશુ-પક્ષીઓ માટે ધરતી ઉપર રહેવું બહુ જ અઘરું થઈ પડી જશે. હાલથી ઉનાળાની સીજનમાઃ પીવાનું કિંમતી પાણી મળી રહે તેના માટે વહીવટી તંત્રને સોચ વિચારો કરી પાણીના વેડફાય જાય તેના માટે તજવીજ હાથ ધરવી પડશે.

# દે.બારીઆના કાળીડુંગરીમાં ડમ્પરનુ ટાયર ફરી વળતા બાઈક ચાલક યુવકનુ મોત

દે.બારીઆ,

દે.બારીઆના કાળીડુંગરી વિસ્તારમાં વજનકાંટા નજીક ડમ્પર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૧૮ વર્ષિય યુવકનુ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. દે.બારીઆના કાળીડુંગરી ગામના લહેડી ફળિયામાં રહેતા બળવંતભાઈ શંકરભાઈ પટેલનો નાનોભાઈ રાકેશકુમાર શંકરભાઈ પટેલ બાઈક નં.-જીજે-૨૦-બીક્યુ-૦૫૮૬ લઈને સાગારામાં ચોકડી ખાતે કપડા ખરીદવા ગયો હતો. કપડા ઘરે મુકયા બાદ તે કાળીડુંગરી બસ સ્ટેન્ડ પાસે આવેલી પરિવારની દુકાને જવા નીકળ્યો હતો. આ દરમિયાન વજનકાંટા નજીક દે.બારીઆ તરફથી દામાવાવ તરફ જઈ રહેલા ડમ્પર નં.-જીજે-૨૦-એસ-૮૮૨૨ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી બાઈકને અડફેટે લીધી હતી. અકસ્માતમાં રાકેશભાઈ રોડ પર પટકાતા ડમ્પરનુ ટાયર તેમના માથા પર ફરી વળ્યુ હતુ. જેના કારણે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનુ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. અકસ્માતની જાણ થતાં પરિવારજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ત્યારબાદ મૃતદેહને દે.બારીઆ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત બાદ ડમ્પર ચાલક વાહન લઈને ફરાર થઈ ગયો હતો. આ બાબતે દે.બારીઆ પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી છે.

# પંચમહાલ પોલીસે ગોધરા પરેડ ગ્રાઉન્ડ ખાતે ૨૧ ઓકટોબર 'પોલીસ સંભારણા દિવસ' શહિદોની યાદની વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું

ગોધરા,

પંચમહાલ પોલીસ દ્વારા તા.૨૦ ઓકટોબર ૨૦૨૬ના રોજ પોલીસ હેડ કવાર્ટર પરેડ ગ્રાઉન્ડ ખાતે 'પોલીસ સંભારણા દિવસ' નિમિતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશની આંતરિક સુરક્ષા અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે પોતાની ફરજ દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપનાર અમર પોલીસ શહિદોને આ પ્રસંગે યાદ કરવામાં આવ્યા હતા.

આ ગૌરવપૂર્ણ કાર્યક્રમમાં પોલીસ અધિક્ષક ડાૅ. હરેશભાઈ દુધાત દ્વારા શહિદ સ્મારક ખાતે પુષ્પચક્ર અર્પણ કરીને વીર શહિદોને સલામી આપવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત તમામ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને સ્થાનિક નાગરિકોએ શહિદોની સ્મૃતિમાં બે મીનીટનું મૌન પાળીને શ્રદ્ધાંજલી અર્પી હતી. આ પ્રસંગે ' દેશની સુરક્ષા અને શાંતિ માટે પોતાના પ્રાણોની આહુતિ આપનાર પોલીસ જવાનોનું બલિદાન કયારેય એળે નહિ જાય ૨૧ ઓકટોબર ૧૯૫૯ નારોજ લદ્દાખના હોટ સ્પ્રિંગ્સ ખાતે ચીન સૈન્ય સામે લડતા શહિદ થયેલા સી.આર.પી.એફ. જવાનોની યાદમાં આ દિવસ ઉજવાય છે. વીરોની ત્યાગ ભાવના અને ફરજ સમગ્ર પોલીસ દળ માટે હંમેશા પ્રેરણારૂપ રહેશે. આ વર્ષ દેશમાં ફરજ દરિમયાન શહિદ થયેલા તમામ પોલીસ જવાનોના નામોનું પઠન કરી તેમનો આદરપૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતમાં શહિદ પરિવારો પ્રત્યે સંવેદના વ્યકત કરવામાં આવી હતી.

# ગોધરા દરૂણીયા-સિમલા રોડ ઉપર આરોપીને દાતરડા વડે માથામાં ફરિયાદીને ઈજાઓ પહોંચાડતા ફરિયાદ

ગોધરા,

ગોધરા શહેર દરૂણીયા રોડ સિમલા ઉપર ફરિયાદી તથા મિત્ર બાઈક ઉપર લાકડાના પાટીયા મૂકી સિમલા ગેરેજમાઃ મુકવા જતા હતા. તે વખતે ટ્રાફિક જામ હોય આરોપીએ બાઈક ઉપરથી લાકડાના પાટીયા ફેંકી ગાળો આપી ઝગડો કર્યો હતો. તે વખતે અરોપી દુકાન માંથી દાતરડું લઈ આવી ફરિયાદીને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરા શહેર દરૂણીયા રોડ સિમલા પર ફરિયાદી સોહબાન રમજાની ગીતેલી અને તેના મિત્ર બાઈક ઉપર લાકડાના પાટીયા લઈને સીમલા ગેરેજમાં મુકવા જતા હતા. તે વખતે ટ્રાફિક જામ હોય આરોપી બિલાલ મોહમદ યુસુફ બંગલીએ ફરિયાદીની બાઈકઉપરથી લાકડાના પાટીયા ફેંકી દઈને ગાળો આપી ઝગડો કરતો હોય આરોપી શહેજાદ શોએબ હશન, સાજીદ યામીન બંગલી લાકડાનું પાટીયું લઈ મારવા ફરિયાદી સાથે ઝપાઝપી થઈ હતી. ત્યારે બીલાલ બંગલી દુકાન માંથી દાતરડું લઈ દોડી આવી સોહબાન ગીતેલીને માથાના ભાગે મારી ઈજાઓ પહોંચાડતા આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા પાસે પાનમ કેનાલની કામગીરીમાં ખેડુતોનો હજારો હેકટરમાં તૈયાર થયેલ પાક નષ્ટ

ગોધરા,

ગોધરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સિંચાઈની સુવિધા વધારવા માટે પાનમ કેનાલ વિભાગ દ્વારા દરૂણિયાથી બેટીયા સુધી લાંબી પાઈપલાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. કેનાલની કામગીરી દરમિયાન ખેડુતોનો ઉભો પાક નષ્ટ થતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ખેડુતોના વિરોધને કારણે કામગીરી અટકાવી દેવામાં આવી હતી. જોકે અધિકારીઓ દ્વારા વળતરની લેખિત ખાતરી આપવામાં આવતા કામગીરી પુનઃ શરૂ કરાઈ હતી.

ગોધરા પાસે ગ્રામ્ય વિસ્તારોમાં ખેડુતોને સિંચાઈનુ પાણી પુરૂ પાડવાના હેતુથી દરૂણિયા કેનાલથી બેટીયા કેનાલ સુધી સાડા સાત કિ.મી.લંબાઈ ધરાવતી પાઈપલાઈન નાંખવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ખેડુતોના ખેતરોમાં મકાઈ, ડાંગર, તુવેર, ગુવાર, રીંગણ, શાકભાજી અને પશુઓ માટેના ઘાસચારાનુ વાવેતર કરેલ છે. ખોદકામ દરમિયાન જેસીબી અને ભારે મશીનરી ફેરવવામાં આવતા મોટાભાગનો ઉભો પાક સંપુર્ણપણે નષ્ટ થઈ ગયો છે. ખેડુતોના પાકનુ નુકસાન થતાં કામગીરી બંધ કરાવી દીધી હતી. કામગીરી બંધ કરાવતા અધિકારીઓ દોડી આવ્યા હતા. એજન્સી દ્વારા ખેડુતોના પાકના નુકસાનીનુ વળતર આપવાની બાંહેધરી આપવામાં આવતા કેનાલની કામગીરી પુનઃ શરૂ કરવામાં આવી હતી. પાનમ વિભાગ દ્વારા જણાવાયુ છે કે, પાઈપલાઈન નાંખવામાં જે ખેડુતની જમીન જતી રહેલી છે તેઓને એજન્સી દ્વારા વળતર ચુકવવામાં આવશે. ખેતીવાડી વિભાગ દ્વારા પાકનો જથ્થો એપીએમસી દ્વારા જે નકકી કરે તે ભાવ મુજબ ખેડુતને વળતર ચુકવી દેવામાં આવશે.

# ગોધરામાં પોકસો કેસમાં સમાધાન બાબતે બે યુવક પર ચપ્પુથી હુમલો

ગોધરા,

ગોધરામાં પોકસો કેસમાં સમાધાન કરવા બાબતે બોલાચાલી કરી બે યુવકો પર પથ્થર અને ચપ્પુ વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ બનાવ સંદર્ભે ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે એક મહિલા સહિત ત્રણ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા પામી છે.

ગોધરામાં યુવકપોતાની બહેનને તેની સાસરીમાં મુકવા ગયો હતો. તે વખતે ત્યાં હાજર જાહેદા નામની મહિલાએ બંને યુવકોને ગાળો આપી ધમકી આપી હતી કે, મારી છોકરા વિરુદ્ધ પોકસોનો કેસ કરેલ છે, તેમાં સમાધાન કરાવી લે...નહિતર જાનથી મારી નાંખીશ. ત્યારબાદ મહિલા સાથે હાજર હાફેઝા ભટુક અને લુકમાન છોટા પણ ઉશ્કેરાઈ ગયા હતા. અને ગાળાગાળી કરવા લાગ્યા હતા. આ દરમિયાન લુકમાને રસ્તા પર પડેલો પથ્થર છુટ્ટો મારતા એક યુવકને ડાબી આંખની નીચે ગાલના ભાગે વાગતા લોહી નીકળવા લાગ્યુ હતુ. તે સમયે બીજો યુવક સીડી ચઢી રહ્યો હતો ત્યારે હાફેઝા ભટુકે પાછળથી આવી તેની પાસે રહેલુ ચપ્પુ તેની ડાબી બાજુ કમ્મરના ભાગે હુલાવી દીધુ હતુ. જેથી તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ સીડી પર ઢળી પડ્યો હતો. તમામ બંને યુવકોને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. બનાવ અંગે યુવક દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા ગોધરા બી-ડીવીઝન પોલીસે ત્રણ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# મોરવા(હ)ના મેખર ગામે ડેરી ફળીયામાં આરોપીએ રોડ પર બોલેરો આડી મૂકી ફરિયાદીને મારમારી ઝગડો કરતાં ૯ સામે ફરિયાદ

મોરવા(હા,

મોરવા(હ) તાલુકાના મેખર ગામે ડેરી ફળીયા માંથી ફરિયાદી પોતાની બાઈક લઈ ઘરે જતા હોય ત્યારે આરોપીએ બોલેરો ગાડી આડી કરી મોટર સાયકલ રોકી હતી અને ૯ આરોપીઓ એક સંપ કરી ફરિયાદી તથા મહિલા મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની ફરિયાદ મોરવા(હ) પોલીસ મથકે નોંધાવા પામી છે.

મોરવા(હ)ના મેખર ગામે ચોટા ફળીયામાં રહેતા ફરિયાદી રાજેન્દ્રકુમાર ભારતસિંહ માલીવાડ, ગંગાબેન તથા ક્રેતનભાઈ બાઈક લઈને ઘરે જઈ રહ્યા હતા. ત્યારે આરોપી રંગીતભાઈ રૂમાલભાઈ ડામોર ડેરી ફળીયામાં પોતાની બોલેરો ગાડી રોડ ઉપર આડી કરી રસ્તો રોકી બાઈકને રોકી હતી અને આરોપીઓ રંગીતભાઈ ડામોર, હિતેશ મહેન્દ્રભાઈ ડામોર, ચીરાગ મહેન્દ્રભાઈ ડામોર, દિલીપસિંહ અમરસિંહ ડામોર, ભુપેન્દ્ર દિલીપભાઈ પટેલ, અરૂણાબેન ચીરાગભાઈ ડામોર, દક્ષાબેન હિતેશભાઈ ડામોર, દિલીપભાઈ મથુરભાઈ ડામોર, દશરથભાઈ જાલમભાઈ ડામોર એક સંપ થઈ પાઈપ લઈ આવી રાજેન્દ્રભાઈને હાથમાં ફટકો મારી ઈજાઓ પહોંચાડી તેમજ અન્ય આરોપીઓએ ગડદાપાટુનો મારમાર્યો હતો. ગંગાબેન બચાવવા પડતા આરોપીઓએ ગડદાપાટુનો મારમારી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની ફરિયાદ મોરવા(હ) પોલીસ મથકે નોંધાવા પામી છે.

# હાલોલ જી.આઈ.ડી.સી.ના ખોડિયાર નગરમાં ૨૭ વર્ષીય યુવાને ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

હાલોલ,

પંચમહાલ હાલોલ GIDC વિસ્તારમાં આવેલી ખોડિયાર નગરમા એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. દાહોદ જીલ્લાના લીમડીયાના વતની અને હાલ હાલોલમાં પરિવાર સાથે રહેતા ૨૭ વર્ષીય પ્રવીણભાઈ ગરાડીયાનું ગળેફાંસો ખાઈ લેતાં મોત નીપજયું છે. યુવકના અચાનક અવસાનથી પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે, જ્યારે તેમના બે નાનાં સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

મળતી માહિતી મુજબ, પ્રવીણ ગરાડીયા હાલોલ GIDC નજીક આવેલી ખોડિયાર નગર સોસાયટીમાં રહેતા હતા અને ટ્રાન્સપોર્ટ લાઇનમાં ડ્રાઈવિંગનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પરિવારમાં તેમની પત્ની, ૧૧ વર્ષનો દીકરો અને ૯ વર્ષની દીકરી છે. તેમનો મોટો દીકરો અભ્યાસ અર્થે મોડાસામાં રહેતો હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ઘટનાના સમયે પ્રવીણભાઈની પત્ની અને નાની દીકરી કોઈ કામ અર્થે બહાર ગયાં હતાં. આ દરમિયાન તેઓ ઘરમાં એકલા હતા. ત્યારે ઘરના રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લેતાં તેમનું મોત થયું હોવાનું પ્રાથમિક માહિતીમાં જાણવા મળ્યું છે.

પરિવારજનોના જણાવ્યા અનુસાર, મૃતકના સાળા પણ ખોડિયાર નગર વિસ્તારમાં જ રહેતા હતા. તેઓ અચાનક પ્રવીણભાઈને રૂમમાં લટકતી હાલતમાં જોઈ પહોંચ્યા હતા. આ બનાવની જાણ થતાં આસપાસના લોકો પણ તાત્કાલિક એકત્ર થઈ ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી.

ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ યુવકને હાલોલની સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા હતા. પરિવારજનો પણ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

માત્ર ૨૭ વર્ષની ઉંમરે પ્રવીણભાઈના મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ખાસ કરીને ૧૧ વર્ષના દીકરા અને ૯ વર્ષની દીકરી માટે પિતાની ખોટ ક્યારેય ન પૂરી શકાય તેવી બની છે.પોલીસે સમગ્ર ઘટનાની નોંધ લઈ તપાસ હાથ ધરી છે. યુવકના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# ગોધરામાં દિવાળીમાં ફટાકડા બજારનુ સ્થળ બદલવાના નિર્ણયથી વેપારીઓમાં અસંતોષ

ગોધરા,

ગોધરામાં દિવાળી ટાંણે ફટાકડા બજારના સ્થળ બાબતે વેપારીઓમાં અસંતોષ ફેલાયો છે. તંત્ર દ્વારા ન્યુ ઈરા સ્કુલ પાસે જગ્યા ફાળવવાનુ જણાવતા વેપારીઓએ બસ સ્ટેન્ડ દુર હોવાથી વેચાણ પર માઠી અસર થવાની ભિતી વ્યકત કરી હતી. અને વેપારીઓએ ગત વર્ષની જેમ મોતીબાગ ગ્રાઉન્ડ જ ફાળવવાની માંગ કરી છે.

આગામી દિવસોમાં રોશનીના પર્વ દિવાળીની ઉજવણીને લઈને ગોધરાના મુખ્ય બજારોમાં ખરીદીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. તહેવારો દરમિયાન ફટાકડાનુ ધુમ વેચાણ થતુ હોય છે. ભુતકાળમાં શહેરના બગીચા સામે ભરાતી ફટાકડાની દુકાનો સુરક્ષાના કારણોસર તંત્ર દ્વારા બંધ કરાવીને સલામત ખુલ્લા મેદાનમાં જ વેચાણ કરવાની મંજુરી આપવામાં આવે છે. ગત વર્ષે તંત્ર દ્વારા મોતીબાગ ખાતે ફટાકડા બજાર માટે જગ્યા ફાળવવામાં આવી હતી. જોકે આ વર્ષે દિવાળી નજીક આવતા વેપારીઓએ અરજી કરવા તંત્ર દ્વારા ન્યુ ઈરા સ્કુલ પાસેના ખુલ્લા મેદાનમાં ફટાકડા બજાર ઉભું કરવાનુ કહેવામાં આવતા વેપારીઓમાં અસંતોષ ફેલાયો છે. વેપારીઓના જણાવ્યા અનુસાર ગત વર્ષે મોતીબાગ ખાતે બજાર યોજાયુ હોવાથી તેમણે આ વર્ષે પણ તે જ સ્થળ મુજબ આગોતરી તૈયારીઓ કરી લીધી હતી. પરંતુ તંત્ર દ્વારા ન્યુ ઈરા સ્કુલ પાસેથી જગ્યા સુચવવામાં આવતા વેપારીઓની ચિંતા વધી છે. ન્યુ ઈરા સ્કુલનુ મેદાન મુખ્ય બસ સ્ટેન્ડથી દુર હોવાના કારણે ગ્રાહકોની અવર જવર પર સીધી અસર પડી શકે છે અને તેનાથી ફટાકડાના વેચાણમાં નુકસાનનો ભય સેવાઈ રહ્યો છે.

# નસવાડી-બોડેલી રૂટની બસો તંત્રના મોનિટરિંગના અભાવે મીની બસ ઉભી ન રાખતા મુસાફરોમાં રોષ

નસવાડી,

નસવાડી-બોડેલી રૂટ પર ચાલતી મિડિ બસ હાથ ઊંચો કરવા છતાં ઊભી ન રહેતા મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બોડેલી એસ.ટી. તંત્રના મોનિટરિંગના અભાવે બસના ડ્રાઈવરો મનફાવે તેમ બસ ચલાવતા હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ, પહેલા આ બસ કલેડિયા ચોકડીથી ડાયરેકટ ટૂંકા રસ્તે નસવાડી આવતી હતી. આ અંગે બોડેલી ડેપો મેનેજરને જાણ કરવામાં આવતાં બસને આકોનાં ચોકડી થઈને નસવાડી આવવાનું શરૂ કરાયું હતું. પરંતુ ફરી પાછી બસ ટૂંકા રસ્તે થઈને બોડેલી જતી રહેતાં મુસાફરોને હાલાકી પડી રહી છે.

બોડેલી નસવાડી મિડિ બસના ડ્રાઈવર બસ મન ફાવે ત્યારે બજાર માંથી અથવા ડાયરેકટ સ્ટેટ બેન્ક પાસે ટૂંકા રસ્તેથી લઈ રવાના થઈ જાય છે. મુસાફરોએ જણાવ્યું હતું કે અમારે કોસીંદ્રા જવાનું હોઈ એક ખાનગી વાહનમાં બેઠા હતા, બસને જોઈને ઉતરી પડચા અને હાથ ઊંચો કર્યો તોય બસ ઊભી ન રાખી.

મુસાફરોના જણાવ્યા મુજબ બસને હાથ બતાવવા છતાં ન ઊભી રહેવી એ સામાન્ય બાબત બની ગઈ છે. આ બાબતે બોડેલી ડેપો મેનેજરને જાણ કરવામાં આવી છે. છતાં પણ કોઈ સુધારો થયો નથી. વડોદરા એસ ટી તંત્ર અને બોડેલી એસ.ટી. તંત્ર દ્વારા યોગ્ય મોનિટરિંગ કરવામાં આવે અને બસ મુસાફર હાથ ઉંચો કરે તો ઉભી રહેવી જોઈએ તે બાબતે મુસાફરોની માંગ ઉઠી છે.

> કોસિંદ્રા જવું હતું પણ બસ ઉભી ન રહી ખાનગી વાહન માંથી બસ જોઈ ઉતરી ગયા તોય મીડી બસ ઉભી ન રય બસ સ્ટેન્ડ થી માન ૫૦ ફૂટ અમે દૂર હશે બસ ખાલી હોવા છતાંય જો મુસાફરો ને લઈ જતા ન હોય એનો મતલબ એસ ટી ની આવક બાબતે તેઓ ધ્યાન નથી આપતા કોસીંદ્રા જવાનું હતુ કરવાનું શું.
> :- મોન્ટુભાઈ તડવી, મુસાફર.-:

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 30, No.54

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરાના દશામાં ફાટક પાસે LC-5 રેલ્વે અંડર પાસનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ કરાયું

ગોધરા,

ગોધરા શહેરના LC-5 દશામાં ફાટક પાસે નવનિર્મિતે રેલ્વે અંડરબ્રીજનું આજરોજ ધારાસભ્ય સી.કે.રાઉલજીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે.

ગોધરા શહેરના LC-5 દશામાં ફાટક પાસે રેલ્વે અંડર બ્રીજની કામગીરી છેલ્લા ચાર વર્ષથી ચાલતી હોવાથી દશામાં ફાટક થી ગોવિંદી રોડ તરફની અવર જવર બંધ થતાં લોકોને ૪ થી ૫ કિ.મી.નો લાંબો આંટો પડતો હતો. આખરે ૪ વર્ષ જેવા લાંબાગાળા બાદ LC-5 રેલ્વે અંડરપાસની કામગીરી પૂર્ણ થઈ હતી. જાફરાબાદ દશામાં અંડરપાસની કામગીરી પૂર્ણ થતાં આજરોજ ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા રેલ્વે અધિકારીની ઉપસ્થિતીમાં રેલ્વે અંડર પાસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દશામાં ફાટક રેલ્વે અંડરપાસનું લોકાર્પણ થતાં દશામાં મંદિર તરફની સોસાયટીઓ તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકોને લાંબા ફેરાથી રાહત મળશે.

> ગોધરા દશામાં ફાટક LC-5 રેલ્વે અંડર પાસ બનાવવામાં આવ્યો છે, પરંતુ રેલ્વે અંડર પાસની ઉંચાઈ ૭ ફુટ જેટલી રાખવાથી નાના દ્વિચક્રી અને ફોર વ્હીલ વાહન પસાર થઈ શકે તેમ છે. આ રેલ્વે અંડર પાસથી ૭ ફુટ ઉપરના ઈમરજન્સી વાહન પસાર થાય તેમ નથી. ત્યારે કોઈ આકસ્મિત બનાવ બને તો આ રેલ્વે અંડર પાસ માત્ર શોભાનો ગાંઠીયો બનીને રહેશે.

# કાલોલના વેજલપુરમાં સી.સી. રોડના નામે ૯ લાખનો ખેલ એક જ રસ્તાના બે ભાગ પાડી આંખો મીંચીને લાખો રૂપિયા ચૂકવી દેવાયા, સ્થળ પર કામગીરી સાવ બોગસ!



કાલોલ,

કાલોલ તાલુકા હેઠળ આવતી વેજલપુર ગ્રામ પંચાયતમાં ૧૫મા નાણાપંચની ગ્રાન્ટમાંથી થયેલા વિકાસ કાર્યોમાં ગંભીર ગેરરીતિ અને ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. ગામના દીવાન ફળીયાના નાકેથી વિઠ્ઠલનાથજી મંદિર (હવેલી) સુધી નાની કાછીયાવાડ વિસ્તારમાં સી.સી. રોડ બનાવવાના નામે માત્ર દેખાવ પૂરતી વેઠ ઉતારીને નિયમો નેવે મૂકી દેવામાં આવ્યા છે. સ્થળ પર કામગીરી સાવ હલકી કક્ષાની હોવા છતાં, કોઈ પણ જાતની વાસ્તવિક સ્થળ તપાસ વિના જ એક જ દિવસે એજન્સીને પૂરેપૂરા રૂ.૯,૦૦,૦૦૦/- (નવ લાખ રૂપિયા) નું ચૂકવણું કરી દેવાયું હોવાના સત્તાવાર દસ્તાવેજી પુરાવા સામે આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

મળતી માહિતી મુજબ સી.સી. રોડનું નિર્માણ કરતાં પહેલાં જરૂરી પુરાણ, યોગ્ય લેવલિંગ કે હેવી રોલિંગ કર્યા વગર જ જૂના ખખડધજ રસ્તા પર ઉપરછલ્લું કામ આટોપી લેવાયું છે.આ સી.સી રોડ ની કામગીરીમાં નિર્ધારિત માપદંડ મુજબ સિમેન્ટ વાપરવાને બદલે માત્ર રેતી-ધૂળનું મિશ્રણ પાથરી દેવાતાં રોડ બનતાની સાથે જ તૂટવા લાગ્યો છે.ત્યારે નાની કાછીયાવાડમાં હજુ પણ કામ બાકી છે ત્યારે આ સી.સી રોડમાં વેઠ ઉતારીને ભ્રષ્ટાચાર આંચરવામાં આવ્યો છે આ સી.સી રોડ દરમિયાન કોઈ પણ જાતનું લેવલીંગ કે એસ્ટીમેટ માપ દંડ મુજબ અને નીતિ નિયમો હેઠળ કામગીરી કરવામાં આવી નથી અને વધુમાં

વેજલપુરમાં દીવાન ફળીયાના નાકેથી વિઠ્ઠલનાથજી હવેલી તરફ જતા માર્ગ પર નાની કાછીયાવાડમાં સી.સી. રોડ બનાવવા માટે કોઈ પણ પ્રકારની જાહેર નિવિદા (ટેન્ડર) કે વર્તમાનપત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી ન હતી. પારદર્શક ટેન્ડરિંગ પ્રક્રિયાને નેવે મૂકીને સ્થાનિક ગ્રામ પંચાયતના મળતિયા સત્તાધીશો દ્વારા મનસ્વી રીતે સહારા ટ્રેડર્સ નામની એજન્સીને સીધેસીધું કામ પધરાવી દેવાયું હતું. આટલું ઓછું હોય તેમ, સ્થળ પર હજુ રસ્તાનું કામ અધૂરૂં અને બાકી હોવા છતાં કાગળ પર કામ પૂર્ણ બતાવી પૂરેપૂરા રૂ.૯,૦૦,૦૦૦/- (નવ લાખ રૂપિયા) નું ચૂકવણું કરી સરકારી તિજોરીને મોટો ચૂનો ચોપડવામાં આવ્યો છે.સરકારી નિયમ મુજબ ચોક્કસ રકમથી વધુ ખર્ચના કામો માટે જાહેર ટેન્ડર બહાર પાડવું અને સ્પર્ધાત્મક ભાવો મંગાવવા ફરજીયાત હોય છે. આ નિયમમાંથી છટકવા અને માનીતી એજન્સીને સીધો લાભ પહોંચાડવા માટે વેજલપુર પંચાયતે શાતિર રમત રમી હોવાનું સ્પષ્ટ થાય છે ત્યારે આ સમગ્ર ભૂમિકામાં વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી તેમજ કાલોલ તાલુકા પંચાયતના સત્તાધીશોનો રોલ મહત્વનો હોય તેવું લાગી રહ્યું છે ત્યારે આ સી.સી રોડમાં ખુબજ મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોય તેવું સ્પષ્ટ પણે દેખાય રહ્યું છે હજુ કેટલીક જગ્યાએ કામગીરી અધૂરી છે તેમ છતાં બિલોનું ચુકવણું કેમ કરવામાં આવ્યું? શુ કાલોલ તાલુકા પંચાયતના બાંધકામ શાખાના ઈજનેર ને આ અધૂરી કામગીરી દેખાઈ નહિ હોય કે પછી ટકાવારીના ખેલ સામે તંત્ર લાચાર કેમ બની જાય છે? તેવા અનેક સવાલો વહીવટી તંત્ર સામે ઊભા થયા છે ત્યારે હવે જોવાનું રહ્યું કે કાલોલ તાલુકા વિકાસ અધિકારી પોતાની અઈ ચેમ્બર છોડીને વેજલપુરમાં થયેલા સી.સી રોડના કામના ભ્રષ્ટાચારની સ્થળ તપાસ કરશે ખરા કે પછી આવ ભાઈ હરખા, આપડે બેઉ સરખા'' જેવો ઘાટ સર્જાશે તે હવે જોવું રહ્યું.

# કાલોલના બેઢિયા ગામે શાળામાં જતા ૫ વર્ષના બાળકને શ્વાને બચકા ભરતા સિવિલમાં ખસેડાયો



કાલોલ,

કાલોલ તાલુકાના બેઢિયા ગામે ૫ વર્ષના બાળક ધ્રુવ રાજ પર રખડતા શ્વાને હુમલો કર્યો છે. ધ્રુવ સવારે શાળાએ જઈ રહ્યો હતો, ત્યારે આ ઘટના બની. શ્વાને તેના કાનના ભાગે ગંભીર બચકા ભર્યા હતા, જેના કારણે તે લોહીલુહાણ થઈ ગયો.

બાળકની ચીસો સાંભળીને આસપાસના લોકો દોડી આવ્યા અને તેને શ્વાનથી છોડાવ્યો. ઈજાગ્રસ્ત ધ્રુવને સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં ડોક્ટરો દ્વારા તેની સારવાર ચાલી રહી છે.

ગામલોકોના જણાવ્યા મુજબ, આ જ શ્વાને અત્યાર સુધીમાં ૫ પશુઓ અને ૬થી વધુ ગ્રામજનો પર હુમલો કર્યો છે. આ હુમલાઓને કારણે બેઢિયા ગામમાં ભયનો માહોલ છે. ગ્રામજનોએ તંત્ર પાસે આ હિંસક શ્વાનને પકડવા અને રખડતા શ્વાનોના ત્રાસમાંથી મુક્તિ અપાવવાની માંગ કરી છે.

# ગોધરા મામલતદાર કચેરીમાં કલેક્ટરની હાજરીમાં તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો

ગોધરા,

ગોધરા મામલતદાર કચેરી ખાતે કલેક્ટર અજય દહિયાની ઉપસ્થિતિમાં 'તાલુકા સ્વાગત કાર્યક્રમ' યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગ્રામ્ય અને શહેરની કુલ ૧૬ ફરિયાદોનું સ્થળ પર જ નિવારણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત સ્થાનિક નાગરિકોની વિવિધ વ્યક્તિગત અને સામૂહિક સમસ્યાઓ અંગે સુનાવણી હાથ ધરાઈ હતી. નાગરિકોએ વીજ કંપની, જમીનની માલિકીના વિવાદો, ગેરકાયદેસર દબાણ તેમજ રસ્તા સંબંધિત પ્રશ્નો રજૂ કર્યા હતા. કલેક્ટર અજય દહિયાએ અરજદારોની ફરિયાદો ગંભીરતાથી સાંભળી. તેમણે સંબંધિત વિભાગના અધિકારીઓ પાસેથી પ્રશ્નોની વિગતો મેળવીને સ્થળ પર જ જરૂરી માર્ગદર્શન અને આદેશો આપ્યા હતા. કાર્યક્રમના અંતે, ગોધરા ગ્રામ્ય વિસ્તારની ૭ અને ગોધરા શહેરી વિસ્તારની ૯ ફરિયાદો મળીને કુલ ૧૬ પ્રશ્નોનો સફળતાપૂર્વક ઉકેલ લાવવામાં આવ્યો.

# વેજલપુર ગટર કૌભાંડમાં TDO કચેરીની ખુલ્લી મિલીભગત અરજદારની લેખિત ફરિયાદને કચરાટોપલીમાં નાખી તપાસ વગર જ રૂા.૧.૫૭ લાખનું બિલ ચૂકવી દેવાયુ

કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે વિકાસ કાર્યોના નામે ચાલતી સરકારી નાણાંની લૂંટ અને વહીવટી તંત્રની શંકાસ્પદ ભૂમિકાનો મોટો પર્દાફાશ થયો છે. વેજલપુરના ઘૂસર રોડ પ્લોટ વિસ્તારમાં ચાલી રહેલા અંડરગ્રાઉન્ડ ગટર લાઈનના કામમાં ભારે ભ્રષ્ટાચાર થયો હોવાની લેખિત રજૂઆત કરવામાં આવી હોવા છતાં, તાલુકા વિકાસ અધિકારી (T.D.O.) કચેરી દ્વારા કોઈ પણ પ્રકારની સ્થળ તપાસ કર્યા વગર જ આ કામનું લાખો રૂપિયાનું ચૂકવણું કરી દેવામાં આવતાં ચકચાર મચી ગઈ છે. સ્થાનિક જાગૃત નાગરિક દ્વારા તાલુકા પંચાયત કચેરી, કાલોલ ખાતે T.D.O. સમક્ષ લેખિતમાં વિગતવાર અરજી આપીને માંગ કરાઈ હતી કે, સરકારી એસ્ટીમેટ મુજબ RCC પાઈપ વાપરવાના બદલે અત્યંત હલકી ગુણવત્તાવાળા પ્લાસ્ટિક/ PVC પાઈપ નાખીને કૌભાંડ આચરાયું છે. જેથી જ્યાં સુધી ટેકનિકલ અધિકારી દ્વારા સ્થળ તપાસ ન થાય ત્યાં સુધી આ કામના તમામ બિલોનું ચૂકવણું તાત્કાલિક રોકવામાં આવે. પરંતુ આશ્ચર્યજનક રીતે, તાલુકા વહીવટી તંત્ર દ્વારા આ ગંભીર ફરિયાદને કચરાટોપલીમાં નાખી દેવામાં આવી અને ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ કુલ રૂા.૧,૫૭,૫૦૦/- નું પેમેન્ટ 'સહારા ટ્રેડર્સ' નામની એજન્સીના બેંક ખાતામાં જમા પણ કરી દેવામાં આવ્યું છે! સ્થળ પરથી મળેલા ફોટોગ્રાફ્સ સ્પષ્ટ દર્શાવે છે કે, સિમેન્ટના પાઈપની અંદર પ્લાસ્ટિકની સાંકડી પાઈપો નાખીને ગેરરીતિ આચરવામાં આવી છે. એટલું જ નહીં, ગટરના ચેમ્બરનું ચણતર પણ અત્યંત હલકી કક્ષાનું, સિમેન્ટ વગર અને તકલાદી રીતે કરવામાં આવ્યું છે, જે ગમે ત્યારે ધરાશાયી થઈ શકે તેમ છે. જાગૃત નાગરિકની લેખિત અરજી અને રિસીવિંગ સિક્કો હોવા છતાં, કોઈ પણ એન્જિનિયરિંગ તપાસ કે માપણી વગર ઉતાવળે બિલ મંજૂર કરી ચૂકવી દેવા પાછળ મોટો 'વ્યવહાર'




થયો હોવાની લોકમુખે ચર્ચા ચાલી રહી છે. પંચાયતના શાસકો, કોન્ટ્રાક્ટર અને વહીવટી બાબુઓની આ ત્રિપુટીએ સામાન્ય જનતાના ટેક્સના પૈસાનું ખુલ્લેઆમ પાણી કર્યું છે. હવે સ્થાનિક રહીશો અને અરજદાર આ મામલે જીલ્લા વિકાસ અધિકારી (DDO) અને વિજીલન્સ વિભાગ સમક્ષ ઉચ્ચસ્તરીય તપાસની માંગણી કરી જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યા છે.

# પંચમહાલ ડીપીઈઓ ગાયત્રીબેન હાઈકોર્ટ માંથી રાહત મળતાં ફરજ પર હાજર થયા

ગોધરા,

પંચમહાલ જીલ્લાના પ્રાથમિક શિક્ષણ વિભાગના સમગ્ર શિક્ષા પ્રોજેક્ટમાં બોગસ ખરીદીના બિલો રજૂ કરીને પોણા ત્રણ કરોડ રૂપિયાથી વધુની કથિત ઉચાપત કરવાના ચકચારી પ્રકરણમાં ગુજરાત હાઈકોર્ટમાંથી કાનૂની રાહત મળ્યા બાદ જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ગાયત્રીબેન પટેલ ફરી ફરજ પર હાજર થયાં છે. પોતાની મંજૂર થયેલી નિયમિત રજા પૂર્ણ થવાના ૧૦ દિવસ પહેલાં જ તેઓ તાત્કાલિક અસરથી ફરજ પર હાજર થયાં હતાં.

ગાયત્રીબેન સહિત આઠ શખ્સો સામે નોંધાયો છે ગુનો પંચમહાલ જીલ્લાના બહુચર્ચિત સમગ્ર શિક્ષા પ્રોજેક્ટમાં બોગસ ખરીદીનાં બિલો રજૂ કરીને રૂ. ૨.૭૫ કરોડથી વધુની ઉચાપત કરવામાં આવી હોવાના કથિત આક્ષેપો સામે આવ્યા હતા. આ મામલે ગોધરા શહેર બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ગાયત્રીબેન પટેલ સહિત કુલ આઠ શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આ હાઈપ્રોફાઈલ પ્રકરણમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા ધરપકડની પ્રક્રિયા રદ કરવા અંગેનો હુકમ મળતાં ગાયત્રીબેન પટેલને કાનૂની રાહત મળી હતી મારી સામેના તમામ આરોપો ખોટા અને પાયાવિહોણા : ગાયત્રીબેન પટેલ ફરજ પર પુનઃહાજર થયા બાદ ગાયત્રીબેન પટેલે ખાસ વાતચીતમાં પોતાની સામે લગાવવામાં આવેલા તમામ આરોપોને સખત શબ્દોમાં નકારી કાઢ્યા હતા. તેમણે આક્ષેપોને ખોટા, મનઘડંત અને પાયાવિહોણા ગણાવ્યા હતા. સાથે જ તેમણે દેશની ન્યાયપ્રણાલી પર



સંપૂર્ણ વિશ્વાસ વ્યકત કરતાં જણાવ્યું હતું કે, મારી સામે મૂકવામાં આવેલા તમામ આરોપો સાવ ખોટા, મનઘડંત અને પાયાવિહોણા છે. મને ભારતની ન્યાયપ્રણાલી પર પૂરો ભરોસો છે અને સત્યનો જ વિજય થશે. ગાયત્રીબેન પટેલે પોતાની સામેના આક્ષેપો અંગે ન્યાયતંત્ર પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. સમગ્ર શિક્ષા પ્રોજેકટમાં કથિત ઉચાપતના આ પ્રકરણમાં હવે કાયદાકીય પ્રક્રિયા આગળ વધશે.

# પંચમહાલમાં ચાંદીપુરા વાયરસના કેસો પછી ICMR ટીમની ૩૦૦ જેટલી સેન્ડફલાયના નમૂના એકત્ર કરી રવાના થઈ



ગોધરા,

પંચમહાલમાં ચાંદીપુરા વાયરસના કેસો બાદ ICMRની ૬ સભ્યોની ટીમે વેક્ટર કંટ્રોલની કામગીરી પૂરી કરી. ટીમ હવે ખેડા જવા રવાના થઈ છે.

ગત મહિને પોંડીચેરીથી આવેલી આ ટીમ ગોધરા જીલ્લા પંચાયત ભવન પહોંચી હતી. ટીમે ચાંદીપુરા વાયરસથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. આ દરમિયાન લગભગ ૩૦૦ સેન્ડફ્લાય (રેતીની માખી)ના નમૂના એકત્ર કરાયા હતા.

પંચમહાલમાં ચાંદીપુરા વાયરસના કુલ ૩૧ શંકાસ્પદ કેસ નોંધાયા. આરોગ્ય વિભાગના ટેસ્ટિંગમાં ૨૮ રિપોર્ટ નેગેટિવ અને ૩ પોઝિટિવ આવ્યા. પોઝિટિવ કેસોમાંથી ૨ બાળકોના સારવાર દરમિયાન મોત થયા હતા.

વાયરસના સંક્રમણને રોકવા માટે ઈઈખછ્ની ટીમે સ્થાનિક આરોગ્ય તંત્ર સાથે મળીને સેન્ડફ્લાય નિયંત્રણનું કામ કર્યું હતું. એકત્ર કરાયેલા સેન્ડફ્લાયના નમૂનાઓ ચાંદીપુરા વાયરસના સંશોધન અને અભ્યાસ માટે મહત્વના રહેશે.

# હાલોલના રામપુરા પોલીકેબ કંપની ગેટ નં.૪ પાસે ઈકો ગાડીએ ૩૫ વર્ષીય રાહદારીને ટકકર મારી મોત નિપજાવી ગુનો કર્યો

હાલોલ,

હાલોલ તાલુકાના રામપુરા ગામે પોલીકેબ કંપનીના ગેટ નં.૪ની સામે વડોદરા-હાલોલના સર્વિસ રોડ પર ઈકો ગાડીનો ચાલક પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી ચાલતા જતા લોકોને અડફેટમાં લઈ એક યુવાનને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

હાલોલ તાલુકાના રામપુરા ગામે પોલીકેબ ગેટ નં.૪ની સામે વડોદરા-હાલોલ હાઈવેના સર્વિસ રોડ ઉપર ઈકો ગાડી નંબર જીજે.૦૬.પીઆર.૫૦૯૧નો ચાલક પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવ્યો હતો અને રસ્તા ઉપરથી ચાલતા જતા રાહદારી પ્રવિણસિંહ ઉર્ફે પિન્ટુ અશોકસિંહ ચૌહાણ (રહે. જીતપુરા) તથા મુકેશભાઈ રમેશભાઈ પરમાર ઉ.વ.૩૫ને અડફેટમાઃ લઈ ટકકર મારી મુકેશભાઈ પરમારને નીચે પાડી દઈ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નિપજાવી ઈકો ગાડી મૂકી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ હાલોલ રૂરલ પોલીસ મથકે નોંધાવા પામી છે.

# હાલોલ-ગોધરા બાયપાસ પર કંજરી ચોકડી પાસે કન્ટેનરની ટક્કરે એક્ટિવા સવાર શિક્ષિકાનું મોત

હાલોલ,

પંચમહાલ જીલ્લાના હાલોલ-ગોધરા બાયપાસ પર આવેલી કંજરી ચોકડી નજીક એક ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. કન્ટેનરના ચાલકે એક્ટિવાને જોરદાર અડફેટે લેતાં એક્ટિવા પર સવાર મહિલા શિક્ષિકાનું ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જાયા બાદ કન્ટેનરનો ચાલક વાહન છોડીને ઘટનાસ્થળેથી ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ છે.

નાલંદા સ્કૂલમાં ફરજ બજાવતા હતા શિક્ષિકા મૃતક મહિલાની ઓળખ ૩૭ વર્ષીય નિમિષાબેન નિકુંજભાઈ પટેલ તરીકે થઈ છે. તેઓ હાલોલના અક્ષર ગ્રીન-૧ વિસ્તારમાં રહેતા હતા અને સ્થાનિક નાલંદા સ્કૂલમાં શિક્ષિકા તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા હતા. તેઓ મૂળ મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના વાંકોડા-કોથંબા ગામના વતની હતા અને છેલ્લા પાંચ વર્ષથી પરિવાર સાથે હાલોલ ખાતે સ્થાયી થઈ શિક્ષણકાર્ય કરી રહ્યા હતા.

શાળાએ જતી વખતે સર્જાયો અકસ્માત પ્રાથમિક વિગતો મુજબ, નિમિષાબેન સવારે પોતાના ઘરેથી શાળાએ જવા માટે એક્ટિવા પર નીકળ્યા હતા. તે દરમિયાન હાલોલ-ગોધરા બાયપાસ પર કંજરી ચોકડી પાસેથી પસાર થતી વખતે બેફામ ઝડપે આવતા કન્ટેનરના ચાલકે તેમના વાહનને હડફેટે લીધું હતું. આ ભયાનક અકસ્માતમાં નિમિષાબેનને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમણે સ્થળ પર જ દમ તોડી દીધો હતો.



મૃતક નિમિષાબેનના પરિવારમાં તેમનો ૧૧ વર્ષનો પુત્ર છે, જે ધોરણ ૬ માં અભ્યાસ કરે છે. ઘરેથી શાળાએ જવા નીકળેલા શિક્ષિકાનું આ રીતે અચાનક માર્ગ અકસ્માતમાં મોત થતાં પરિવારે પોતાની વહાલસોયી છત્રછાયા ગુમાવી છે. આ કાળજું કંપાવી દે તેવી ઘટનાથી મૃતકના પરિવારજનો, સ્નેહીઓ, સહકર્મીઓ અને શાળા પરિવારમાં ભારે ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

પોલીસે ફરાર ચાલક સામે તપાસ શરૂ કરી ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હાલોલની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. અકસ્માત સર્જીને ફરાર થઈ ગયેલા કન્ટેનર ચાલક સામે પોલીસે ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટે સઘન તપાસ હાથ ધરી છે. આ દુર્ઘટનાને પગલે બાયપાસ રોડ પર માર્ગ સલામતી મુદ્દે ચિંતા વધી છે.

# ઘોઘંબાના ચેલાવાડામાં લાખોના ખર્ચે બનેલી પાણીની ટાંકીની દુર્દશા!

**ગ્રામ પંચાયત અને પ્રાથમિક શાળાની સામે જ ટાંકી પર ઘાસનાં પૂળા, લાકડાં અને આસપાસ કપડાં સૂકવાતાં હોવા છતાં તંત્રની આંખ આડા કાન.**

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ચેલાવાડા ગામે જાહેર સુવિધાઓની જાળવણી અને સ્થાનિક વહીવટ સામે સવાલો ઊભા કરતી સ્થિતિ જોવા મળી રહી છે. ગ્રામ પંચાયત કચેરી અને પ્રાથમિક શાળાની સામે મુખ્ય માર્ગ પર આવેલી લાખો રૂપિયાના ખર્ચે બનેલી પાણીની ટાંકીની આસપાસ ગંદકી ફેલાયેલી છે. ટાંકી ઉપર ઘાસનાં પૂળા અને લાકડાં મૂકવામાં આવ્યાં છે, જ્યારે આસપાસ કપડાં સૂકવવામાં આવતાં હોવાનાં દૃશ્યો સામે આવતાં સરકારી મિલકતની જાળવણી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

એક તરફ સરકાર દ્વારા ગામડાંમાં પીવાના પાણીની સુવિધા ઊભી કરવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, તો બીજી તરફ ચેલાવાડામાં પાણીની ટાંકીની આવી સ્થિતિ તંત્રની કામગીરી અને દેખરેખ સામે પ્રશ્નાર્થ સર્જે છે. ગ્રામ પંચાયત કચેરી અને પ્રાથમિક શાળાની સામે જ આ સ્થિતિ હોવા છતાં સ્વચ્છતા અને વ્યવસ્થાની જાળવણી માટે અસરકારક પગલાં લેવાયાં છે કે નહીં તે તપાસનો વિષય બન્યો છે.

આગામી દિવસોમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાવાની હોવાથી ગામના સ્થાનિક વહીવટ અને જવાબદાર પદાધિકારીઓની કામગીરી ચર્ચામાં આવી છે. સરપંચની ચૂંટણીની તૈયારીઓ વચ્ચે ગામની જાહેર મિલકતની જાળવણી અને સ્વચ્છતા જેવા પાયાના પ્રશ્નોનું શું, તેવો સવાલ ગ્રામજનોમાં ઊભો થઈ શકે છે.

સરપંચની રાજકીય વ્યસ્તતા ગમે તેવી હોય, પરંતુ ગામના વહીવટી તંત્રમાં તલાટી સહિતના જવાબદાર કર્મચારીઓની ભૂમિકા પણ મહત્ત્વપૂર્ણ છે. ટાંકી ઉપર પડેલાં ઘાસનાં પૂળાં અને લાકડાં હટાવવા તથા આસપાસની સફાઈ કરાવવા માટે વહીવટી સ્તરે પહેલ થઈ શકે તેમ હોવા છતાં આવી સ્થિતિ યથાવત કેમ છે, તે અંગે જવાબદારી નક્કી કરવાની જરૂર છે.

આ સમગ્ર મામલામાં સૌથી મહત્ત્વનો સવાલ પાણીના વપરાશ અને વિતરણનો છે. સ્થાનિક રજૂઆત મુજબ, ટાંકી નજીક રહેતા લોકોને પણ આ ટાંકીનું પાણી મળતું નથી. જો આવું હોય તો ટાંકીમાં સંગ્રહિત થતું પાણી ક્યાં જાય છે, કોને અને કઈ વ્યવસ્થા હેઠળ પહોંચે છે તથા પાણી વિતરણની વ્યવસ્થા કેટલી નિયમિત છે, તેની તપાસ થવી



જરૂરી છે.

જાહેર નાણાંમાંથી ઊભી કરાયેલી પાણીની સુવિધાનો હેતુ ગ્રામજનોને પીવાનું પાણી પૂરૂં પાડવાનો છે. ત્યારે પાણીની ટાંકીની હાલની સ્થિતિ, તેની સફાઈ, જાળવણી અને પાણી વિતરણ અંગે સંબંધિત વિભાગે સ્થળ તપાસ કરીને હકીકત સ્પષ્ટ કરવી જોઈએ.

ચેલાવાડા ગામની આ સ્થિતિ માત્ર ગંદકીનો પ્રશ્ન નથી, પરંતુ જાહેર મિલકત પ્રત્યેની જવાબદારી અને સરકારી સુવિધાના યોગ્ય ઉપયોગનો પણ મુદ્દો છે. સંબંધિત ગ્રામ પંચાયત, તલાટી અને પાણી પુરવઠા વિભાગ દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરી ટાંકીની સફાઈ કરાવવામાં આવે, તેની ઉપર મૂકવામાં આવેલી બિનજરૂરી વસ્તુઓ દૂર કરવામાં આવે અને પાણી વિતરણ અંગે સ્પષ્ટતા કરવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે.

લાખો રૂપિયાના ખર્ચે બનેલી પાણીની ટાંકી જો યોગ્ય જાળવણીના અભાવે અવ્યવસ્થાનો ભોગ બનતી હોય અને સ્થાનિક લોકોને પાણી મળવા અંગે પણ સવાલો ઊભા થતા હોય, તો જવાબદાર તંત્રએ મૌન તોડીને વાસ્તવિક સ્થિતિનો ખુલાસો કરવો જરૂરી છે. હવે જોવાનું એ રહ્યું કે ચૂંટણીના માહોલ વચ્ચે ચેલાવાડાની આ સમસ્યા દૂર કરવા તંત્ર પગલાં ભરે છે કે પછી ગ્રામજનોને જવાબની રાહ જ જોવી પડશે.

# ગોધરા એ.પી.એમ.સી.માં સિંદૂરી માતા ખેડૂત ગ્રાહક બજારનો શુભારંભ કરાયો

ગોધરા,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના જન્મદિવસ નિમિત્તે ગોધરા ખાતે ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) દ્વારા સિંદૂરી માતા ખેડૂત ગ્રાહક બજારનો શુભારંભ કરવામાં આવ્યો.

આ પ્રસંગે ગોધરા APMCના ચેરમેન માલવદીપસિંહ રાહુલજી, ગોધરાના ધારાસભ્ય સી. કે. રાહુલજી, પંચમહાલ જીલ્લા ભાજપ પ્રમુખ મયંકભાઈ દેસાઈ, પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવ, ગોધરા નગરપાલિકાનાં પ્રમુખ જશોદાબેન પ્રજાપતિ તેમજ પંચમહાલ જીલ્લા પંચાયતના પ્રમુખ નીરજ પટેલ સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોએ બજારની શરૂઆતને આવકારતાં જણાવ્યું કે આવા બજારો ખેડૂતો અને ગ્રાહકો વચ્ચે સીધો સંપર્ક સ્થાપિત કરવામાં મદદરૂપ થશે. આનાથી ખેડૂતોને સીધો ફાયદો મળશે અને ગ્રાહકોને પણ તાજો માલ મળશે.